# શ્રી ઋષભદેવ જિન સ્તવન (૧)

જગજીવન જગવાલહો, મરુદેવીનો નંદ; લાલ રે,
મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિહી આણંદ; લાલ રે.
જગજીવન જગવાલહો.

જગતના જીવનસ્રૂપ, જગતને વહાલા એવા શ્રી ઋષભદેવ પ્રભુ મરુદેવી માતાના સુપુત્ર છે. તેમનું મુખ જોવાથી સુખ ઊપજે છે અને દર્શન કરવાથી અતિશય આનંદનો અનુભવ થાય છે.

# શ્રી ઋષભદેવ જિન સ્તવન (૨)

**આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિસમ ભાલ; લાલ રે,**
**વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાળ; લાલ રે.**

**જગજીવન જગવાલહો.**

પ્રભુનાં નયનદ્વય કમળની પાંખડી સમાન છે, પ્રભુનું લલાટ અષ્ટમીના ચન્દ્ર જેવું છે, પ્રભુનું વદન શરદ ઋતુના પૂર્ણ ચંદ્ર જેવું છે અને તેમની વાણી અત્યંત રસ પેદા કરનારી છે.

# શ્રી ઋષભદેવ જિન સ્તવન (૩)

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર; લાલ રે,
રેખા કર ચરણાદિ કે, અભ્યંતર નહિ પાર; લાલ રે.
જગજીવન જગવાલહો.

પ્રભુના પુણ્યદેહે એક હજાર ને આઠ ઉત્તમ લક્ષણો શોભે છે. હાથ-પગનાં તળિયાં પર અનેક પ્રકારની શુભ રેખાઓ હોય છે. આ બધાં તો બાહ્ય લક્ષણો છે, જ્યારે આંતરિક લક્ષણો યાને આત્મિક ગુણોનો તો કોઈ પાર જ નથી.

# શ્રી ઋષભદેવ જિન સ્તવન (૪)

ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લેઈ ઘડીયું અંગ; લાલ રે,
ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ; લાલ રે.
જગજીવન જગવાલહો.

માની લઈએ કે ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય અને મેરુ ગિરિના ગુણો લઈને પ્રભુનો પુણ્યદેહ ઘડવામાં આવ્યો હોય, પણ આવું ઉત્કૃષ્ટ ભાગ્ય ક્યાંથી આવ્યું ? એ મોટું આશ્ચર્ય છે.

# શ્રી ઋષભદેવ જિન સ્તવન (૫)

ગુણ સઘળા અંગીકર્યા, દૂર કર્યા સવિ દોષ; લાલ રે,
વાચક જશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ; લાલ રે.
જગજીવન જગવાલહો.

એ પ્રભુએ સર્વ ગુણોને સ્વાધીન કર્યા છે, દોષ માત્ર દૂર કર્યા છે. વાચક શ્રી યશોવિજયજી મહારાજે એ પ્રભુને સ્તવ્યા છે અને પ્રાર્થના કરતાં કહે છે કે હે પ્રભુ ! અમારા આત્મિક સુખની પુષ્ટિ કરો.